# વારંવાર પુછાતા પ્રશ્નો

(૧) ધોરણ ૧૨ ના સમકક્ષ હોવા અંગેનું માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રના આધારે જે ઉમેદવારો ઉમેદવારી કરતાં હોય તેઓએ HSC Equivalent વિકલ્પ પંસદ કરી વિગતો ભરવાની રહેશે અને તેના ગુણ ધ્યાને લેવામાં આવશે નહીં.

(૨) ઉમેદવારની માર્કશીટમાં કુલ ગુણ અને મેળવેલ ગુણ આપેલ હોય તો ગુણ માટે યુનિવર્સિટીના ગુણ બાબતના પ્રમાણપત્રની જરૂર નથી. પરંતુ જો માર્કશીટમાં ગુણ દર્શાવેલ ન હોય અને માત્ર CGPA/CPI/GRAD/EQUIVALENT PERCENTAGE હોય તેવા ઉમેદવારોએ યુનિવર્સિટી પાસેથી ગુણપત્ર મેળવીને કુલ ગુણ અને મેળવેલ ગુણ દર્શાવવા. ફોર્મ્યુલાની મદદથી કે જાતે કન્વર્ટ કરેલ કુલ ગુણ કે મેળવેલ ગુણની વિગતો માન્ય રહેશે નહી.

(૩) જ્યાં લાયકાતના વિષયમાં પોતાનો વિષય આપેલ ન હોય તો Other વિકપ પસંદ કરી ઉમેદવારોએ તે લાયકાતનો પોતાનો મુખ્ય વિષય હોય તે દર્શાવવાનો રહેશે.

(૪) ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલ પી.ટી.સી./D.El.Ed. ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે. અન્ય કોઈ પી.ટી.સી./ D.El.Ed. ની લાયકાત માન્ય ગણાશે નહીં. NIOS દ્વારા મેળવેલ પી.ટી.સી./D.El.Ed. ની લાયકાત માન્ય ગણાશે.

(૫) જે ઉમેદવારોને રજિસ્ટ્રેશનમાં જન્મ તારીખ ખોટી હોવાના કારણે અથવા અન્ય કારણે રજિસ્ટ્રેશન નથી થતું તેવા ઉમેદવારોએ જિલ્લાના સ્વીકાર કેન્દ્ર પર જઈ પોતાની ટેટ નંબર આપી ટેટ વખતે દર્શાવેલ જન્મ તારીખ જાણીને રજિસ્ટ્રેશન કરવાનું રહેશે આ રીતે દર્શાવેલ જન્મ તારીખ જો ખોટી હોય તો રજિસ્ટ્રેશન થયા બાદ લોગિન થઈ ફોર્મ ભરતી વખતે તેમાં સુધારો કરી સાચી જન્મ તારીખ નાંખી શકાશે.

(૬) ઉમેદવારને રજિસ્ટ્રેશન વખતેની વિગતોમાં કોઈ ભૂલ હોય જેવી કે વિષય, માધ્યમ વગેરે ખોટું દર્શાવેલ હોય તો સ્વીકાર કેન્દ્ર પર જઈ જરૂરી વિગતો પુરી પાડવાની રહેશે અને સ્વીકાર કેન્દ્ર દ્વારા આ વિગતો સાથે સમિતિનો સંપર્ક કરી જરૂરી સુધારો કરાવવાનો રહેશે.

(૭) ચાલુ નોકરીવાળા ઉમેદવારો કે જેઓને એન.ઓ.સી. બાબતે વિગતવાર જાહેરાતમાં જરૂરી સુચના આપેલ હોઈ તે ધ્યાને લેવા વિનંતી છે. વધુમાં વિગતવાર જાહેરાત વાંચીને જ ફોર્મ ભરવા વિનંતી છે અને જરૂર જણાય તો વેબસાઈટ પર જરૂરી ઠરાવ/પરિપત્ર/જાહેરનામા પણ મુકેલ હોય તેનો અભ્યાસ કરી ફોર્મ ભરવા.

(૮) ડોક્યુમેન્ટ અપલોડ કરવા બાબતે

સ્નાતક/અનુસ્નાતક/બી.એડ. વગેરે લાયકાતોના તમામ સેમેસ્ટર/વર્ષ/પાર્ટની તમામ માર્કશીટ PDF કરીને અપલોડ કરવાની રહેશે. ફોટો અને સહી JPG અને અન્ય વિગતો PDF કે JPG ફોર્મેટમાં અપલોડ કરવી. (જે ઉમેદવારોએ અગાઉ સ્વીકાર કેન્દ્ર પર ફોર્મ જમા કરાવેલ છે તેઓને કોઈ સુધારાની જરૂરિયાત નથી)

(૯) બી.એડ. અને પીટીસી બંને લાયકાત ધરાવતાં ઉમેદવારોએ ફોર્મ ગુણ ગણવા અંગે.

- ઉમેદવાર ટેટની પરીક્ષા પહેલા સ્નાતક અને પીટીસી/બી.એડ કરેલા હોય અને ત્યારબાદ જો અન્ય તાલીમી લાયકાત એટલે કે પીટીસી/બી.એડ. કરેલ હોય તેવા સંજોગોમાં ઉમેદવાર પીટીસી/બી.એડ. બંનેમાંથી જે ગુણ દર્શાવવા માંગે તે દર્શાવી શકે છે.

(૧૦) અરજીપત્રક ઓનલાઈન સબમીટ કરવા બાબતે.

- ઉમેદવાર પોતાનું અરજીપત્રક એક વખત સેવ કર્યા પછી પ્રિન્ટ કરીને અરજીપત્રક જમા કર્યા પહેલાં જો કોઈ સુધારો કરી ફરી સેવ કરશે તેવા સંજોગોમાં છેલ્લે સેવ કરેલ અરજી જ સ્વીકારવામાં આવશે. એટલે કે ઉમેદવારે છેલ્લે સેવ કરેલ અરજીની જ પ્રિન્ટ જમા કરાવવાની રહેશે. તે સિવાય અરજી સ્વીકારવામાં આવશે નહી.